મોદી 1063 કરોડથી વધુનાં કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

ભરૂચ અને વલસાડમાં ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓને નવી દિશા મળશે

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી 5 જૂનના રોજ ગુજરાતની મુલાકાત દરમિયાન દક્ષિણ ગુજરાત માટે મહત્વપૂર્ણ વિકાસ ભેંટ આપવાના છે. સુરતથી યોજાનારા કાર્યક્રમમાં વડાપ્રધાન ભારત સરકાર અને ગુજરાત સરકારના કુલ 18,777 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ વિકાસકાર્યોમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) હેઠળ 1063.43 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા 8 મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ પૈકી ભરૂચ જિલ્લામાં 894 કરોડથી વધુના 6 અને વલસાડ જિલ્લામાં 169.30 કરોડના 2 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોથી દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ અને પ્રદૂષિત પાણીના વ્યવસ્થાપનને નવી મજબૂતી મળશે.

(1) ભરૂચ : દહેજમાં PCPIR વિસ્તારમાં પ્રદૂષિત પાણીના નિકાલ માટે 474.61 કરોડના ખર્ચે 90 MLD ક્ષમતાની ઓફશોર અને ઓનશોર એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પાઇપલાઇન તૈયાર કરવામાં આવી છે. દહેજ PCPIR વિસ્તારમાં હાલમાં 1,000થી વધુ ઔદ્યોગિક એકમો છે.

(2) જંબુસર : બલ્ક ડ્રગ પાર્કમાં 274.96 કરોડના ખર્ચે રોડ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક અને સેન્ટ્રલ ડ્રેન જેવી માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે અને બલ્ક ડ્રગ પાર્કને નવી ગતિ આપશે.

(3) હજીરા : હજીરામાં માં 149 કરોડના ખર્ચે બનશે 6-લેન અંડરપાસ અને ફલાયઓવરનું ખાતમુહૂર્ત કરશે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને ધારાસભ્ય સંદીપ દેસાઈની રજૂઆતને પગલે કેન્દ્રીય હાઇવે અને પરિવહન મંત્રીએ બ્રિજ નિર્માણની મંજૂરી આપી હતી.

(4) અંકલેશ્વર: એફ્લુઅન્ટ ટ્રાન્સમિશન પાઇપલાઇન માટે ઇન્ટરમીડિયેટ બૂસ્ટર પમ્પિંગ સ્ટેશન તથા દહેજ-1 ઔદ્યોગિક વસાહતમાં નેચરલ ડ્રેઇન-2ના અપગ્રેડેશનનું પણ લોકાર્પણ કરવામાં આવશે. દહેજમાં પમ્પિંગ સ્ટેશન અને પાનોલીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામોનું લોકાર્પણ કરશે.

(5) વલસાડ : સરીગામમાં CETPની ક્ષમતા 15 MLDથી વધારીને 25 MLD કરવામાં આવી છે. તેમજ સમ્પ અને પમ્પિંગ સ્ટેશન સાથે HDPE ઓનશોર અને ઓફશોર આઉટફોલ પાઇપલાઇનનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેનું લોકાર્પણ કરવામાં આવશે

(6) કીમ-એના : એક્સપ્રેસ હાઇવે સેક્શન (પેકેજ VI) અને 27.50 કિલોમીટર લંબાઇના ગણદેવાથી એના સેક્શન (પેકેજ VII)નું લોકાર્પણ કરવામાં આવશે. રૂ.7689 કરોડના ખર્ચે આ બંને પેકેજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સુરત જિલ્લામાં પાંચ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ થશે

ધોરણ 9-10 માટે આચાર્ય અને મદદનીશ શિક્ષકોની નિમણૂક કરાશે

આ સ્થળોએ શાળા શરૂ થશે

પાંડેસરા, જહાંગીરપુરા, વરીયાવ, લિંબાયત અને ઉમરપાડા

સુરતઃ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સુરત જિલ્લામાં શિક્ષણ સુવિધાનો વ્યાપ વધારવા માટે વધુ પાંચ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. વર્ષ 2026-27થી આ શાળાઓમાં શૈક્ષણિક કામગીરી શરૂ થશે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત દ્વારા તા. 30 મે 2026ના રોજ આ અંગે કચેરી આદેશ જાહેર કરવામાં આવ્યો હતો.

શિક્ષણ વિભાગના ઠરાવના અનુસંધાને સુરત શહેર અને જિલ્લાના પાંડેસરા, જહાંગીરપુરા, વરીયાવ, લીંબાયત તથા ઉમરપાડા વિસ્તારમાં ગુજરાતી માધ્યમની સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે. હાલ આ શાળાઓને પ્રાથમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાના મકાનમાં અસ્થાયી રીતે કાર્યરત કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમાર દ્વારા નવી શાળાઓ માટે આચાર્યશ્રી વર્ગ-2 તેમજ મદદનીશ શિક્ષકોની ફરજ નિમણૂંક પણ કરવામાં આવી છે. અન્ય હુકમ ન થાય ત્યાં સુધી સંબંધિત અધિકારીઓ અને શિક્ષકોને શૈક્ષણિક તથા વહીવટી કામગીરી સોંપવામાં આવી છે.

નવી શાળાઓ શરૂ થવાથી ખાસ કરીને શહેરના વિકસતા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને નજીકમાં સરકારી માધ્યમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થશે.

સાથે જ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓ ઉપરની નિર્ભરતા ઘટશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કાંઠા વિસ્તારના યુવાનોને કંપનીઓ નોકરી આપતી નથી

કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે PM મોદીને પત્ર લખ્યો

સુરત રેલવે ડિવિઝન અને નદીના દબાણ દૂર કરવા માંગ કરવામાં આવી

સુરતઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી સુરત જિલ્લાના હજીરા વિસ્તારના ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનોને કાયમી રોજગારી, સુરત રેલવે સ્ટેશનના પ્રશ્નો, તાપી-મીંઢોળા નદીઓ પરના દબાણો તથા સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુરક્ષા અને વિકાસ સંબંધિત ગંભીર મુદ્દાઓ પર તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે હજીરા વિસ્તારમાં દેશના અગ્રણી ઉદ્યોગોને સરકાર દ્વારા કરરાહતો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ અને વિશાળ પ્રમાણમાં સરકારી તથા જંગલ જમીનો ફાળવવામાં આવી છે. તેમાં અદાણી હજીરા પોર્ટને ૩૦૧.૦૧૯૯ હેક્ટર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીને ૩૮.૮૬૩૩ હેક્ટર અને AM/NS ઈન્ડિયાને ૧૯૬.૯૦ હેક્ટર જેટલી જમીન ફાળવવામાં આવી હોવાનું પત્રમાં ઉલ્લેખાયું છે. આટલી સરકારી સહાય છતાં હજીરા તથા આસપાસના વિસ્તારોના લાયકાત ધરાવતા યુવાનોને કાયમી રોજગારી આપવામાં આવતી નથી. આ ઉપરાંત વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકાર દ્વારા સુરત રેલવે ડિવિઝન બનાવવાનો વાયદો કરવામાં આવ્યો હતો, પરંતુ વર્ષ ૨૦૨૬ સુધી તેનો અમલ થયો નથી. એટલું જ નહી રજૂઆતમાં તાપી અને મીંઢોળા નદીઓ પર દબાણ દૂર કરવાની માંગ કરવામાં આવી છે.

એરપોર્ટ પર ઇમરજન્સી એક્ઝિટના કામમાં બેદરકારી દાખવનાર અધિકારીઓને સસ્પેન્ડ કરવા માંગ

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ અંગે પત્રમાં ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆત મુજબ અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ પણ સુરત એરપોર્ટ પર મુસાફરોની સુરક્ષા જોખમમાં હોવાનું કહેવાયું છે. રનવેની લંબાઈ ૨૯૦૫ મીટર હોવા છતાં વેસુ તરફ અવરોધોને કારણે ૬૧૫ મીટર વિસ્તાર પર પ્રતિબંધ મૂકાયો હોવાનું જણાવાયું છે. OLS સર્વે પાંચ વખત થયા છતાં અવરોધો દૂર થયા નથી અને NOC તથા બાંધકામ મંજૂરીઓમાં મોટા કૌભાંડનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. એરપોર્ટ પર CAT-I અને ILS સિસ્ટમ તાત્કાલિક લાગુ કરવાની તેમજ સંપૂર્ણ સુરક્ષા ઓડિટ કરવાની માંગ કરવામાં આવી છે. તે ઉપરાંત ૧૩૮.૩૮ કરોડના ખર્ચે બનેલા નવા ટર્મિનલ બિલ્ડિંગનો ફ્લોર પ્લાન હજુ DGCA દ્વારા મંજૂર ન થયો હોવાનો દાવો પણ પત્રમાં કરવામાં આવ્યો છે. ઇમરજન્સી એક્ઝિટના કામમાં ગંભીર બેદરકારીના આક્ષેપ સાથે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવા, PMC અને કોન્ટ્રાક્ટર એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગ પણ કરવામાં આવી છે. સુરતથી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટની માંગ પણ કરવામાં આવી છે.

VNSGUના ડૉ. સતીશ પટેલને 'સ્વામી વિવેકાનંદ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ' એનાયત

સુરતઃ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગના નિવૃત્ત પ્રોફેસર અને પૂર્વ વિભાગાધ્યક્ષ ડૉ. સતીશ પટેલને પ્રતિષ્ઠિત 'સ્વામી વિવેકાનંદ લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. જયપુર સ્થિત સ્વામી વિવેકાનંદ બાલિકા શિક્ષા પ્રચાર સમિતિ દ્વારા દેશભરના શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે અનુકરણીય કાર્ય કરનારા પાંચ શિક્ષણવિદોની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં ડૉ. સતીશ પટેલની પસંદગી કરાઈ હતી. ગાંધી ચિંતન અને શાંતિ અભ્યાસ વિભાગ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત રાષ્ટ્રીય સેમિનારના ઉદ્ઘાટન સમારંભ દરમિયાન તા. 28 મેના રોજ વડોદરા ખાતે ડૉ. સતીશ પટેલને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. તેમની આ સિદ્ધિને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવરૂપ માનવામાં આવી રહી છે.

સુરત-મેંગલુરુ એક્સપ્રેસને કાયમી કરવામાં આવી

સુરતઃ ગુજરાત અને કર્ણાટકને જોડતી મહત્વની સુરત-મેંગલુરુ જંક્શન બાય-વિકલી ટ્રેન માટે આજનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે. રેલવે બોર્ડ દ્વારા લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણય અંતર્ગત, લાંબા સમયથી મુસાફરો દ્વારા કરવામાં આવતી માંગણી સ્વીકારીને આ ટ્રેનને હવે કાયમી કરવામાં આવી છે. આ નિર્ણયના અમલીકરણ સાથે જ આજથી આ ટ્રેન પોતાની પ્રથમ નિયમિત સફર શરૂ કરી હતી.

આ પ્રસંગે રેલવે દ્વારા સુરત સ્ટેશન પર વિશેષ 'ફ્લેગ ઓફ' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ ડિવિઝનના સિનિયર ડીસીએમ આદિશ પઠાનિયા (IRTS) સહિતના રેલવેના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ ટ્રેનને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી.

૫,૦૦૦ની લાંચમાં ધરમપુરનો કોન્સ્ટેબલ ઝડપાયો, ASI ફરાર

પ્રોહિબિશનનના આરોપી પાસે જામીન મુક્ત કરવા, લોકઅપમાં ન પૂરવા લાંચ માંગી હતી

વલસાડઃ વલસાડ જિલ્લાના ધરમપુર પોલીસ સ્ટેશન હેઠળની પંગારબારી આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા બે પોલીસ કર્મચારી સામે એલસીબીએ ગુનો દાખલ કર્યો છે. જામીન મુક્ત કરવા અને લોકઅપમાં ન પૂરી હેરાન ન કરવાના અવેજ પેટે ૫,૦૦૦ની લાંચ સ્વીકારતા પોલીસ કોન્સ્ટેબલને ACBની ટીમે ઘટનાસ્થળેથી જ ઝડપી પાડ્યો છે, જ્યારે અન્ય એક આરોપી ASI ફરાર થઇ ગયો હતો.

આ કેસના ફરિયાદી સામે અગાઉ ધરમપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયો હતો. તે સમયે ફરિયાદીની અટકાયત દરમિયાન લોકઅપમાં ન રાખવા અને હેરાનગતિ ન કરવાના બદલામાં આરોપી ASI કિશોરભાઈએ ૧૫,૦૦૦ની લાંચ માંગી હતી. રકઝકના અંતે ૮,૦૦૦ નક્કી થયા હતા, જેમાંથી ૩,૦૦૦ ફરિયાદીએ જામીન મુક્ત થતી વખતે ચૂકવી દીધા હતા. બાકી રહેતા ૫,૦૦૦ ફરિયાદી આપવા માંગતા ન હોવાથી, તેમણે આ અંગે એ.સી.બી.નો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એ.સી.બી. દ્વારા તા. ૦૩/૦૬/૨૦૨૬ના રોજ ધરમપુર પોલીસ સ્ટેશનની બહાર જાહેર રોડ પર લાંચના છટકું ગોઠવ્યું હતું. ટ્રેપ દરમિયાન ફરિયાદીએ ASI કિશોરભાઈનો મોબાઈલ દ્વારા સંપર્ક કરતા, તેમણે લાંચની રકમ સ્વીકારવા માટે પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઈ ભોયાને મોકલ્યા હતા. કોન્સ્ટેબલ રમેશભાઈ ફરિયાદી પાસેથી ૫,૦૦૦ની લાંચ સ્વીકારતા જ ACBની ટીમે તેમને રંગેહાથ પકડી પાડી રકમ રિકવર કરી લીધી હતી. આ દરમિયાન મુખ્ય આરોપી ASI કિશોરભાઈને ટ્રેપ અંગે શંકા જતાં તેઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. હાલમાં એ.સી.બી. દ્વારા પકડાયેલા આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને ફરાર ASIને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

રૂપિયા 500 કરોડના ખર્ચે 2030 સુધીમાં રાજ્યમાં

17 મનપા, 151 પાલિકામાં વીજલાઇન અંડરગ્રાઉન્ડ થશે

'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન'ને રાજ્ય કેબિનેટની મંજૂરી, રસ્તા પરના હાઈટેન્શન ટાવર અને લાઇનો દૂર થશે

ગાંધીનગરઃ ગુજરાતના શહેરોને વધુ સ્માર્ટ, સુંદર અને સુરક્ષિત બનાવવા માટે રાજ્ય સરકારે મહત્વાકાંક્ષી 'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન'ને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ગ્રીન અને સ્માર્ટ સિટી'ના વિઝનને સાકાર કરવા માટે શરૂ કરવામાં આવેલા આ મિશન હેઠળ વર્ષ 2030 સુધીમાં રાજ્યના તમામ શહેરી વિસ્તારોને તબક્કાવાર વાયર ફ્રી બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે રાજ્ય સરકારે 500 કરોડની જોગવાઇને મંજૂરી આપી છે. અંડરગ્રાઉન્ડ કેબલિંગના કારણે રસ્તાઓ ઉપરના વીજ થાંભલા અને વાયરનું જાળું ઘટશે, જેના કારણે શહેરોની દૃશ્ય સુંદરતામાં વધારો થશે. સાથે જ શહેરી આયોજન અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નવી દિશા મળશે. રાજ્ય સરકારનું માનવું છે કે 'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન' પૂર્ણ થયા બાદ ગુજરાતના શહેરો દેશના સૌથી આધુનિક, સુરક્ષિત અને સુવ્યવસ્થિત શહેરી વિસ્તારોમાં સ્થાન મેળવશે.

17 મહાનગરપાલિકા અને 151 નગરપાલિકા આવરી લેવાશે

'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન' હેઠળ રાજ્યની તમામ 17 મહાનગરપાલિકા અને 151 નગરપાલિકા વિસ્તારોને આવરી લેવામાં આવશે. હાલ શહેરોમાં રસ્તાઓ ઉપર દેખાતી વીજળીની ઓવરહેડ લાઇનોને તબક્કાવાર દૂર કરીને સંપૂર્ણપણે ભૂમિગત કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ યોજના અંતર્ગત 14,600 સર્કિટ કિલોમીટરથી વધુ હાઈ ટેન્શન (HT) અને 31,400 સર્કિટ કિલોમીટરથી વધુ લો ટેન્શન (LT) ઓવરહેડ વીજ નેટવર્કને અંડરગ્રાઉન્ડ કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં 11 કે.વી. લાઈનો થશે ભૂમિગત

પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં 11 કે.વી. ઓવરહેડ વીજ લાઇનોને ભૂમિગત કેબલમાં પરિવર્તિત કરવામાં આવશે. ત્યારબાદ લો ટેન્શન વીજ લાઇનોને પણ અંડરગ્રાઉન્ડ નેટવર્ક સાથે જોડવામાં આવશે.રાજ્ય સરકારના મતે આ પરિવર્તનથી વીજ પુરવઠાની વિશ્વસનીયતા વધશે અને વીજળી સંબંધિત ટેકનિકલ ખામીઓમાં નોંધપાત્ર ઘટાડો થશે.

કુદરતી આફતો સામે વધશે સુરક્ષા

વાઘાણીએ જણાવ્યું હતું કે વાવાઝોડા, ભારે વરસાદ અને અન્ય કુદરતી આફતો દરમિયાન ઓવરહેડ વીજ લાઈનો તૂટવાના અને શોર્ટ સર્કિટ જેવી ઘટનાઓ બનતી હોય છે. અંડરગ્રાઉન્ડ કેબલિંગ થવાથી આવા જોખમોમાં ઘટાડો થશે અને નાગરિકોને વધુ સુરક્ષિત તથા અવિરત વીજ પુરવઠો મળી શકશે. 21મી સદીના આધુનિક, સ્માર્ટ અને સુરક્ષિત ગુજરાતના નિર્માણ માટેનું એક ઐતિહાસિક પગલું છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

આજથી ત્રણ દિવસ...

રાત્રીના 8 વાગ્યા સુધીમાં રાજયમાં 14 તાલુકાઓમાં વરસાદ થયો હતો. જેમાં સુરેન્દ્રનગરના સાયલામાં 26 મીમી એટલે કે 1 ઈંચ અને મહીસાગરના કડાણામાં 26 મીમી - 1 ઈંચ, બનાસકાંઠાના હડાદમાં 21 મીમી, મહીસાગરના સંતરામપુરમાં 20 મીમી જેટલો વરસાદ થયો હતો.

એક તરફ વરસાદનું...

અને રાજકોટમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે કંડલા પોર્ટમાં 38 ડિગ્રી, અમરેલીમાં 39 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 38 ડિગ્રી, અમદાવાદ અને ડીસામાં 37 ડિગ્રી, ગાંધીનગર અને વડોદરામાં 36 ડિગ્રી તેમજ સુરત, દમણ, મહુવા અને વલ્લભ વિદ્યાનગરમાં 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે, આગામી ત્રણ દિવસ હવામાન વિભાગના અનુમાન મુજબ રાજયના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ત્યારબાદ ફરીથી તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

નવસારીના ધારાગીરી...

કર્યા હતા. અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, લાંબા સમયથી અવાવરું હાલતમાં પડેલી કાર સુધી બંને નાના બાળકો કેવી રીતે પહોંચ્યા? શું બાળકો રમતા રમતા ત્યાં પહોંચી ગયા હતા કે પછી કોઈ વ્યક્તિ તેમને ત્યાં સુધી લઈ ગયો? જો કાર લાંબા સમયથી બંધ હાલતમાં હતી તો તેની આસપાસ કોઈની નજર કેમ પડી નહોતી? સ્થાનિકોમાં ચર્ચા છે કે કાર અંદરથી બંધ હતી કે બહારથી, તે મુદ્દો પણ તપાસમાં અત્યંત મહત્ત્વનો બની શકે છે.

સૂત્રોનું કહેવું છે કે બાળકોની માતા છેલ્લા કેટલાક સમયથી અલગ રહેતી હતી, જેના કારણે પરિવારિક તણાવ અને અંગત સંબંધોની દિશામાં પણ પોલીસ તપાસ આગળ વધારી રહી છે. જોકે પોલીસ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી. બીજી તરફ સ્થાનિકોમાં એવી પણ પ્રબળ શંકા વ્યક્ત થઈ રહી છે કે આ ઘટનાને માત્ર અકસ્માત ગણાવી શકાય નહીં. કેટલાક લોકોનું માનવું છે કે માસૂમ બાળકોને કારમાં બંધ કરી દેવાયા હોવાની શક્યતા નકારી શકાય નહીં. જો એવું હોય તો આ કેસ વધુ ગંભીર બની શકે છે.

હાલ પોલીસ પોસ્ટમોર્ટમ રિપોર્ટ, ફોરેન્સિક તપાસ, કારના માલિકની પૂછપરછ અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે સમગ્ર ઘટનાની કડીઓ જોડવાનો પ્રયાસ કરી રહી છે. સમગ્ર જિલ્લામાં બે માસૂમના મોત પાછળનું કયું રહસ્ય છે તે અંગે ભારે ચર્ચા ઊઠી છે.

નવસારીમાં સ્લેબ...

છે. નગરસેવક દિવ્યકાન્ત પનારાએ જણાવ્યું હતું કે, ધર્મેશભાઈ લાંબા સમયથી ગોકુળ નિવાસમાં રહેતા હતા અને ઘટનાની જાણ થતાં જ સ્થાનિકો મદદ માટે પહોંચી ગયા હતા. હાલ તંત્ર દ્વારા સમગ્ર મામલે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

સાપુતારા પંથકમાં...

એન્ટ્રી થઈ છે, જેમાં જિલ્લાના પૂર્વપટ્ટીમાં આવેલા ચીંચલી વિસ્તારમાં મધ્યમ સ્તરનો વરસાદ નોંધાયો હતો, જ્યારે ગિરિમથક સાપુતારા પંથકમાં માત્ર વરસાદી ઝાપટા પડ્યા હતા. વાતાવરણ બદલાતાની સાથે જ સાપુતારા અને તેના નજીકના વિસ્તારોમાં તીવ્ર ગતિએ પ્રચંડ પવન ફૂંકાવવાનું શરૂ થયું હતું. આ ભારે પવનના કારણે સમગ્ર પંથકમાં ધૂળની ડમરીઓ ઊડી હતી, જેના લીધે વિઝિબિલિટી (દ્રશ્યતા) ઘટી ગઈ હતી. પવનની ગતિ એટલી પ્રચંડ હતી કે માર્ગો પરથી પસાર થઈ રહેલા દ્વિચક્રી વાહનચાલકો અને ખાસ કરીને મોટરસાઈકલ ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાક વાહનચાલકોને પોતાના વાહનો રસ્તાના કિનારે ઊભા રાખી દેવાની ફરજ પડી હતી. પ્રકૃતિના આ મિજાજને કારણે પ્રવાસીઓમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતુ, તો બીજી તરફ વાતાવરણમાં આવેલા આ અચાનક બદલાવ અને વાવાઝોડા જેવા માહોલને પગલે સ્થાનિક વહીવટી તંત્ર સજ્જ બન્યું છે અને પ્રવાસીઓને પણ સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

કપરાડાના બોર્ડર...

મૂંગા પશુઓ માટેના ખોરાક એવા ભાતની પુલીઓ, પુંજુ ઉપરાત રસોઈ માટે વપરાતા લાકડા જે સંગ્રહ માટે મૂક્યા હોય પલળી જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે, તો થોડા અંશે કેરીના પાકને પણ નુકસાન પહોંચ્યું છે.

1.70 લાખનો પગાર...

જો કે, ફરિયાદી સાથે રકઝકના અંતે રૂપિયા 45 હજાર આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલિક સુરત એસીબીનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે આજે ઉધના સાઉથ ઝોન ઓફિસ પ્રાંગણમાં લાંચના છટકાનું આયોજન કર્યું હતું. ટ્રેપ દરમિયાન આરોપી ઈજનેરે ફરિયાદી સાથે વાતચીત કરીને રૂપિયા 45 હજારની લાંચ સ્વીકારતાં જ એસીબીએ પકડી લીધો હતો અને લાંચની તમામ રકમ રિકવર કરી લીધી હતી. એસીબીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી જીજ્ઞેશ મોદી વર્ષ 2006માં ભરતી થયો હતો. હાલ જ બે વર્ષ એટલે કે 2028માં નિવૃત થવાનો હતો. હાલ સુરત મનપા દ્વારા તેને 1.70 લાખ પગાર ચૂકવવામાં આવે છે.

અગાઉ જહાંગીરપુરાની એક બિલ્ડિંગના 120 ફ્લેટ હોલ્ડરના ફ્લેટ દીઠ 150 રૂપિયાની માંગ કરી હતી.

એસીબીમાં પકડાયેલો આસિ. ઈજનેર જીજ્ઞેશ મોદી અગાઉ વર્ષ ૨૦૨૧માં જ્યારે રાંદેર ઝોનમાં આસિસ્ટન્ટ ઇજનેર તરીકે ફરજ બજાવતો હતો, ત્યારે કોન્ટ્રાક્ટર પાસે જહાંગીરપુરાની એક બિલ્ડિંગના 120 ફ્લેટના ડ્રેનેજ કનેક્શન માટે એક ફ્લેટ દીઠ 150 રૂપિયા માંગ્યા હતા. જે રકમ 18 હજાર થતી હતી. બાદમાં સમાધાન કરી ડ્રેનેજ જોડાણની મંજૂરી આપવાના અવેજ પેટે રૂપિયા 15 હજારની લાંચ લેતા સુરત શહેર એસીબી પોલીસના હાથે પોતાની ઓફિસમાં જ પકડાયો હતો.

સુરત સહિત ચાર...

લઘુત્તમ તાપમાનમાં અચાનક 6 ડિગ્રીનો વધારો નોંધાતા લોકો ગરમી અને ભેજના કારણે પરેશાન બન્યા હતા. ગઈકાલે સવારે 22 ડિગ્રી સેલ્સિયસ નોંધાયેલું લઘુત્તમ તાપમાન આજે 6 ડિગ્રી વધીને 28 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. જયારે મહત્તમ તાપમાનમાં પણ 1.5 ડિગ્રી વધારા સાથે 32.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.જયારે હવામાં ભેજનું પ્રમાણ 74 ટકા નોંધાયુ હતું.

સવારે જ અસહ્ય બફારો અને ભેજના કારણે લોકો અકળાઇ ઉઠ્યા હતા. દિવસ દરમિયાન પણ વાદળછાયા વાતાવરણ અને ભેજનું પ્રમાણ વધુ રહેતા ગરમીનો અનુભવ વધ્યો હતો. જોકે આગામી દિવસોમાં વરસાદી ઝાપટાં અને તેજ પવનના કારણે તાપમાનમાં ઘટાડો થવાની તેમજ લોકોને ગરમી અને બફારામાંથી રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ચોમાસું દક્ષિણ ગુજરાત તરફ ઝડપથી આગળ વધી રહ્યું હોવાથી આગામી દિવસોમાં વરસાદી માહોલ વધુ જામે તેવી શક્યતા છે.

કતારગામ ઝોનમાં...

આ બાબતે જયદેવે ઓફિશિયલ ગ્રુપમાં મુકાયેલી બે પીડીએફ ફાઈલમાંથી નંબર મેળવી લેવા માટે જણાવતા કેતનગીરી એકદમ સાહેબગીરી પર ઉતરી આવ્યા હતા અને તેનો એપોઈન્ટમેન્ટ લેટર માંગવા લાગ્યા હતા. સામે પક્ષે જયદેવે સ્પષ્ટ કર્યું હતું કે મારો લેટર ડેપ્યુટી ઈજનેર પાસે છે અને તેમની પાસે એપોઈન્ટમેન્ટ લેટર માંગવાની કે પીડીએફમાંથી નંબરો કાઢી આપવાની અધિકારીની સત્તા કે ઓથોરિટીમાં આ બાબત આવતી નથી. આ સાંભળીને ઉશ્કેરાયેલા કેતનગીરીએ સાહેબ જેટલું કહે તેટલું જ કરવાનું તેમ કહીને એલફેલ ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. જ્યારે જયદેવે આ પ્રકારે સાહેબગીરી કરવાની ના પાડી, ત્યારે મામલો બિચક્યો હતો અને કેતનગીરી ગોસ્વામીએ કતારગામ ઝોનની ઓફિસમાં રૂમ નંબર 101 માં આવેલા શહેરી વિકાસ વિભાગની અંદર જ જયદેવને જાહેરમાં બેફામ માર મારવાનું શરૂ કરી દીધું હતું. ઓફિસની અંદર શરૂ થયેલી આ મારામારીનો આખો મામલો બાદમાં કતારગામ ઝોનના પાર્કિંગ એરિયા સુધી પહોંચી ગયો હતો, જ્યાં પિત્તો ગુમાવી ચૂકેલા આસિસ્ટન્ટ ઈજનેર કેતનગીરીએ પોતાનો બેલ્ટ કાઢીને જયદેવ વાઘેલા પર હુમલો કરી દીધો હતો. આ હિંસક ઝપાઝપી દરમિયાન તેમને બચાવવા માટે વચ્ચે પડેલા ક્લાર્ક પાર્થ સુમરાને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. આ ગંભીર હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કર્મચારી જયદેવને તાત્કાલિક અસરથી વધુ સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્ત કર્મચારીના પરિવારજનો ભારે આક્રોશ સાથે કેતનગીરી સામે કાયદેસરની એફઆઈઆર નોંધાવવા માટે કતારગામ પોલીસ મથકે દોડી ગયા હતા અને તજવીજ હાથ ધરી હતી. બીજી તરફ, સરકારી કચેરીમાં જાહેરમાં કાયદો હાથમાં લેનારા આસિસ્ટન્ટ ઈજનેર કેતનગીરી ગોસ્વામીને પોલીસે કસ્ટડીમાં લઈને પોલીસ મથકમાં બેસાડી દીધા છે અને સમગ્ર મામલે આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

સુરતમાંથી 84...

ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ એવા વિસ્તારો છે જ્યાં ભૂતકાળમાં પણ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકો ઝડપાઈ ચૂક્યા છે. પોલીસ ટીમોએ આખી રાત ઓપરેશન ચલાવીને કુલ 261 જેટલા શંકાસ્પદ લોકોને રાઉન્ડઅપ કર્યા હતા. જેમના વેરિફિકેશન બાદ કુલ 84 લોકો કન્ફર્મ બાંગ્લાદેશી નાગરિક હોવાનું સાબિત થયું છે. આ કન્ફર્મ થયેલા નાગરિકોમાં 34 પુરુષો, 29 મહિલાઓ અને 21 બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે બાકીના 160 જેટલા લોકોના દસ્તાવેજો અને નિવેદનોની હજુ પણ અલગ-અલગ ટીમો દ્વારા ક્રોસ-વેરિફિકેશનની કામગીરી ચાલી રહી છે.

હવાલા અને બેંકિંગ વ્યવહારની તપાસ

પોલીસ બાંગ્લાદેશીઓના બેંકિંગ ડિટેલ્સની પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેઓ બેંકમાં પૈસા ક્યાંથી લાવતા હતા, કોના ખાતામાં ટ્રાન્સફર કરતા હતા અને બાંગ્લાદેશમાં નાણાં મોકલવા માટે કયા માધ્યમનો ઉપયોગ થતો હતો, તેની સંપૂર્ણ તપાસ શરૂ કરી દેવાઈ છે. એટલે પોલીસ હવાલા અને બેંકના વ્યવહારોની પણ તપાસ કરી રહી છે.

પશ્ચિમ બંગાળના એજન્ટો બાંગ્લાદેશીઓને નાની ટુકડીઓમાં અન્ય શહેરમાં મોકલે છે

પ્રાથમિક પૂછપરછમાં ઘૂસણખોરીની આખી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. બાંગ્લાદેશ સરહદ ઓળંગીને આ લોકો સૌથી પહેલા પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરે છે. ત્યાં સક્રિય એજન્ટોની ટોળકી આ ઘૂસણખોરો માટે નકલી (ફેક) ભારતીય દસ્તાવેજો તૈયાર કરી આપે છે. ત્યારબાદ પકડાઈ ન જવાય તે માટે એજન્ટો તેમને નાની-નાની ટુકડીઓમાં વહેંચી દે છે. ત્યાંથી સુરત જેવા ઔદ્યોગિક શહેરોમાં મોકલવામાં આવતા હતા, જેથી કોઈ મોટી એજન્સીની નજરમાં એકસાથે ન આવી શકાય.

ડમી સરકારી...

રાજ્ય સરકારની સત્તાવાર સિસ્ટમ તેમજ ડિજિટલ પોર્ટલના માધ્યમથી આ લોકોના ડેટા ક્રોસ ચેક કરવામાં આવ્યા છે. ડમી દસ્તાવેજો બનાવવામાં સ્થાનિક સ્તરે કોણે મદદ કરી છે તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.

માનવ તસ્કરીની...

જેથી એ જાણી શકાય કે આ લોકો અગાઉ ભારતના કોઈ રાજ્યમાં કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ હતા કે નહીં.

નિવિદા નં.-૦૧ સને ૨૦૨૬-૨૦૨૭
(ફક્ત વિદ્યુત ઈજારદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેર વિદ્યુત (મા. અને મ.)પેટા વિભાગ ૧લો માળ, જીલ્લા સેવા સદન-૨ તિથલ રોડ વલસાડ-૩૯૬૦૦૧ (ફોનનંર૨૪૨૯૬૦) દ્વારા અત્રેની કચેરી હસ્તકનાં કુલ કામ ૦૨ જેની અંદાજીતકિંમત રૂ. ૨૪૯૧૯૬.૬૪ થી રૂ. ૨૫૦૫૫૧.૧૪ છે. કામ માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઇજારદારશ્રીઓ પાસેથી ટેંડરો મંગાવવામાં આવે છે.

ટેન્ડરોનાં દસ્તાવેજો વેબસાઇટ વેબસાઈટ www.rnb.nprocure.com ઉપર તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે.

નિવિદા ફક્ત રાજ્ય સરકારની વેબસાઇટ ઉપર જોવા મળી શકશે. વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબ સાઇટ જોવા વિનંતી છે. અથવા ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઇજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

ન. માહિતી/વલસાડ/૧૪૧/૨૦૨૬

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભેસાણ શાખા : મુ.અને પો. ભેસાણ, વાયા રાંદેર, જી.સુરત, ગુજરાત-૩૯૫૦૦૫. મો. ૮૯૮૦૦૨૬૭૧૯. Email : bhesur@bankofbaroda.com

કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૭.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી સતીશ નીમ્બા પાટીલ (દેવાદાર), શ્રીમતી શ્રદ્ધા સતીશ પાટીલ (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૩,૯૬,૬૬૦.૮૫ (રૂા. ત્રેવીસ લાખ છન્નું હજાર છસો સાઠ અને પંચ્યાસી પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૩૧મી મે સન ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૩,૯૬,૬૬૦.૮૫** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ચુકવણીની તારીખ સુધીના ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત 'અંજની નંદન રો હાઉસ' નો પ્લોટ નં. ૧૧૨ (કેજેપી મુજબ બ્લોક નં. ૮૫/એ/૧૧૨) માપ ૪૨.૬૭ ચો.મીટર, પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત રોડ અને સીઓપી માપ આશરે ૨૧.૧૦ ચો. મીટર, જમીન રે.સ નં. ૮૦ + ૮૩ પૈકી + ૮૫, બ્લોક નં. ૮૫ માપ આશરે ૨૪૯૯૦ પૈકી ૧૨૦૦૪.૭૮ ચો.મીટર, ગામ. કરડવા, તા. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં.૧૧૭, **પશ્ચિમ તરફ :** ૨૦.૦૦ ચો. ફુટ સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૧૧૧, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૧૧૩.

તા. ૩૧/૦૫/૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસાણ શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સચીન શાખા : દુકાન નં.૬ અને ૭, સ્વસ્તીક પ્લાઝા, સુરત-નવસારી રોડ, તા.ચોર્યાસી, સચીન ફોન : ૦૨૬૧-૨૩૯૨૨૨૯ E-Mail Id : sachin@bankofbaroda.com

કબજા નોટીસ (ધારા ૧૩(૪) (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૫.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી કમતાપ્રસાદ જગબહાદુર ચતુર્વેદી (દેવાદાર) શ્રી કમલેશકુમાર કમતાપ્રસાદ ચતુર્વેદી (સહ-દેવાદાર) અને શ્રી મહેન્દ્રકુમાર પન્નાલાલ પટેલ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૪૨,૪૦૦.૯૩ (અંકે રૂપિયા અગીયાર લાખ બેતાલીસ હજાર ચારસો અને ત્રાણું પૈસા પુરા) વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૩૧મી મે સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૧,૪૨,૪૦૦.૯૩** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'આરાધના ડ્રિમ વિભાગ- ૧' નો પ્લોટ નં. ૧૪૭ આશરે માપ ૪૬.૬૬ ચો.વાર (કેજેપી મુજબ બ્લોક નં.૧૫૯/૧૪૭ માપ આશરે ૩૯.૦૫ ચો.મીટર) જમીનનો બ્લોક નં. ૧૫૯ અને ૧૬૨, મોજે ગામ. જોલવા, તા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે.

તા.૩૧.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સચીન શાખા